# શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે વાર્ષિક દિન "હોર્ટીનોવા-૨૦૨૨" ની ઉજવણી કરવામાં આવી

શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે તા.૦૯/૦૫/૦૨૨ ના રોજ વાર્ષિક દિન "હોર્ટીનોવા-૨૦૨૨" નું આયોજન આચાર્યશ્રી ડૉ. બી. એચ. પંચાલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી સંઘ ચેરમેન ડૉ. આર. જે મકવાણા દ્વારા કરવામાં આવ્યુ હતુ. "હોર્ટીનોવા – ૨૦૨૨"ના આયોજનના ભાગરૂપે વિદ્યાર્થીઓ પોતાના કૌશલ્ય અને જ્ઞાનને પ્રદર્શિત કરે તે હેતુથી બાગાયત ક્ષેત્રના જુદા – જુદા થીમ આધારીત પ્રવૃતિઓ જેવી કે મીનીએચર ફાઉનટેન ગાર્ડન, સલાડ ડેકોરેશન, માઇક્રોગ્રીન, ટેરેસ ગાર્ડનીંગ, ફ્લાવર રંગોળી, કેરીની વિવિધ ૨૫ જેટલી જાતની કેરીનું પ્રદર્શન, વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ તૂટીફ્રૂટી, કાચી કેરી સ્ક્વોષ, કોઠાની ચટણી, જામ, જેલી વગેરેને વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી માનનીય ડો. કે.બી.કથીરીયા સાહેબ તથા અતિથિ વિશેષ તરીકે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ ડો. ડી. એચ. પટેલ, કુલસચિવશ્રી ડો.ગૌતમ પટેલ અને બાગાયત મહાવિદ્યાલયના ડીન અને આચાર્યશ્રી ડો. એન. આઈ. શાહ તેમજ અત્રેની કોલેજના પૂર્વ આચાર્યશ્રી અને અત્રેની કોલેજ માટેના ગોલ્ડપ્લેટેડ મેડલના દાતા ડો. એસ. જે. પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત કોલેજની વિદ્યાર્થીનીઓ પ્રાર્થનાથી અને તમામ ઉપસ્થીત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી કરી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છથી કરવામાં આવ્યું. ત્યાર બાદ કોલેજના વિધ્યાર્થી સંઘના જનરલ સેક્રેટરી શ્રી વાસુ કલોલાએ કોલેજમાં વર્ષ દરમિયાન વિધાર્થીઓદ્વારા કરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓની જાણકારી આપી. અત્રેની કોલેજના આચાર્યશ્રી દ્વારા કોલેજની શૈક્ષણીક સિધ્ધિઓ સાથે વર્ષ દરમ્યાન ચાલતી વિવિધ કોલેજની પ્રવૃતિઓનો વાર્ષિક પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવ્યો. વધુમાં આચાર્યશ્રીએ જણાવેલ કે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨થી "શેઠ ડોસાભાઈ મગનલાલ મેરીટ સ્કોલરશીપ ફોર ઇકોનોમીકલ બેકવર્ડ ક્લાસ" સ્કૉલરશીપ સ્વ. શેઠ

ડોસાભાઈ મગનલાલના પપૌત્ર શ્રી ગૌતમ શ્રોફના રૂ.૩,૦૦,૦૦૦/- ના અનુદાનના વાર્ષિક વ્યાજમાંથી દર વર્ષે મેરીટ મુજબ ત્રણ વિધ્યાર્થીઓને વર્ષ ૨૦૨૨થી સદર સ્કોલરશીપ આપવાની જાહેરાત કરવામાં આવી. ત્યાર બાદ ડો. ડી.એચ.પટેલે વિધ્યાર્થીઓને શૈક્ષણીક વિકાસની સાથે સર્વાંગી વિકાસમાટે વિવિધ રમત ગમત તેમજ સાંસ્કુતિક પ્રવૃતિઓની જરૂરીયાતનું મહત્વ જણાવેલ. તેમજ અત્રેની કોલેજ ખાતે ચાલતા "one student one tree programme" થકી પર્યાવરણ જાળવાણીની સુંદર કામગીરીની જાણકારી આપેલ. તેમજ કુલસચિવશ્રી ડો. ગૌતમ પટેલે ડિપ્લોમા બાદ બાગાયતના વિવિધ ક્ષેત્રોમાં ઉજ્જવળ કારકિદી બનાવવા અનેક તકો વિષે જાણકારી આપી માર્ગદશીત કરેલ. વધુમાં ડો. એન. આઈ. શાહે વિદ્યાર્થીઓને ડીપ્લોમા બાદ ડીગ્રીમાં એડમીશન તેમજ અન્ય વ્યાવસાયિક અને બાગાયતના વિવિધ ક્ષેત્રોમાં રોજગારીની અને કૌશલ્ય વર્ધનની તકોની વિશેષ જાણકારી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતા માનનીય કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયા સાહેબે વિષય શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિધ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ થીમ આધારીત વિવિધ મીનીએચર વોટર ફાઉનટેન ગાર્ડન, માઇક્રોગ્રીન તેમજ કેરીની વિવિધ જાતોના પ્રદર્શનના સુંદર આયોજનને બિરદાવેલ. વધુમાં તેઓશ્રીએ બાગાયત ક્ષેત્રોની વિશાળ તકોને સ્વરોજગારી, ઉધ્યોગ સાહસિકતા તથા નાના-નાના સ્ટાર્ટપ શરૂ કરી આત્મનિર્ભરતા તરફ આગળ વધવા પ્રેરિત કરેલ. ટૂંક સમયમાં ઉત્તીર્ણ થઈ વિદાય થઈ રહેલા છઠ્ઠા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના પાઠવેલ. ત્યાર બાદ માનનીય કુલપતિશ્રીના હસ્તે કોલેજના ત્રણ વિદ્યાર્થીઓને "શેઠ ડોસાભાઈ મગનલાલ મેરીટ સ્કોલરશીપ" આપવામાં આવેલ. ત્યાર બાદ વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃતિઓમાં મેળવેલ સિધ્ધીઓ માટે ઉપસ્થીત મહેમાનો હસ્તક ઈનામ વિતરણ તેમજ સર્ટીફીકેટ વિતરણ કરવામાં આવ્યું. ઉપરાંત વિધ્યાર્થીઓ દ્વારા ઉપસ્થીત મહેમાનોને યાદગીરી રૂપે વિધાર્થીઓ દ્વારા બનાવાયેલ બોનસાઈ તેમજ એડેનીયમના છોડ મોમેન્ટો તરીકે અર્પણ કરવામાં આવ્યા. ત્યાર બાદ વિધ્યાર્થીઓના

સાંસ્કૃતિક કાર્યક્રમની કેટલીક પ્રવૃતિઓ મહેમાનો દ્વારા નિહાળવામાં આવી. અંતમાં અત્રેની કોલેજના એસ.આર.સી. ચેરમેનએ ઉપસ્થીત મહેમાનોનો હાજર રહીને વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા બદલ આભાર માન્યો.



હાઇ-ટેક નર્સરીની મુલાકાત



રંગોળી પ્રદર્શન



કેરીની વિવિધ જાતોનું પ્રદર્શની



મિનિએચર વોટર ફાઉન્ટેન ગાર્ડનની પ્રદર્શની






બોનસાઈ, માઇક્રોગ્રીન અને અન્ય પ્રતિકૃતિ ની પ્રદર્શની







સર્ટિફિકેટ અને ઈનામ વિતરણ






સાંસ્કૃતિક કાર્યક્રમ






વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ સ્મૃતિ ચિન્હ મહેમાનોને અર્પણ